# ડીસા એન્જલર્સ સ્કૂલમાં ફી વધારાના મામલે વાલીઓમાં રોષ

ડીસા, તા.૮


ડીસાની એન્જલર્સ સ્કૂલમાં આ સત્રથી સંચાલક મંડળે વિદ્યાર્થીઓની ફીમાં તોતિંગ વધારો કરી દેતા વાલીઓમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે. વાલીઓએ શિક્ષણના વેપારીકરણનો ઉગ્ર વિરોધ કરી સંચાલક મંડળના મનસ્વી નિર્ણયોની ઝાટકણી કાઢી હતી.

અંગ્રેજી માધ્યમનું શિક્ષણ આપતી ડીસાની એન્જલર્સ સ્કૂલમાં મેનેજમેન્ટે મનસ્વી પણે ફી વધારો ઝીંકી દીધો છે. કોમ્પ્યુટર ફી વસુલવા છતાં બાળકોને કોમ્પ્યુટર શિક્ષણથી વંચિત રાખવામાં આવે છે. શિક્ષકોની વારંવાર આંતરિક બદલીઓના ઘેરા વિદ્યાર્થીઓના માનસ પર વિપરી અસર થઈ રહી છે. વિદ્યાર્થીઓને ચોકકસ જગ્યાએથી મોંઘા પુસ્તકો ખરીદવાનો આગ્રહ, ન કરવા જેવા શૈક્ષણિક પ્રવાસ સહિતના મુદ્દે વાલીઓએ શિક્ષકો સામે ઉગ્ર વિરોધ પ્રદર્શિત કર્યો હતો. વિદ્યાર્થી ચિંતન શિબિરમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી અને સ્કૂલ મેનેજમેન્ટના મનસ્વી નિર્ણયો ને બાળકોના ભાવિ સાથે ગંભીર ચેડા સમાન ગણાવ્યા હતા. જો આ મામલે ઘટતું કરવામાં નહીં આવે તો ઉગ્ર લડત આપવાની તૈયારી વાલી મંડળે આપી હતી. સાંઈ બાબા મંદિર સંકુલમાં યોજાયેલ બેઠકમાં મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતાં.


# હિંમતનગરમાંથી ચોરીનું સોનું લીધાના ગુનામાં બે સોનીઓને પુના પોલીસ લઈ ગઈ

હિંમતનગર, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના જુના બઝારમાં દુકાન ધરાવતા બે સોનીઓને ચોરીનું સોનુ લેવાના ગુનામાં પુના પોલીસ રવિવારે લઈ ગયેલાનું હિંમતનગર ટાઉન પોલીસમથકેથી જાણવા મળ્યું હતું. વિગત મુજબ મહારાષ્ટ્રના પુનાથી પીપરી પોલીસે સોનુ ધોવાના બહાને સોનું સેરવી લેતા ભાગલપુરના પન્નાલાલ મોહન શાહ અને લાલુકુમાર શાહને પકડી પાડ્યા હતા. જે બંનેને પોલીસે કોર્ટમાં રજુ કરતા તા. ૯ જુલાઈ સુધીના રિમાન્ડ મળ્યા હતા. રિમાન્ડ દરમિયાન પન્નાલાલ મોહન શાહે કબુલ્યું હતું કે મે ૨૪૦ ગ્રામ સોનું ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં બે સોનીઓને ત્યાં આપ્યું હતું તેથી પીપરી પોલીસ મથકના એપીઆઈ એમ.એસ. સાવન સ્ટાફ સાથે પકડાયેલ પન્નાલાલ મોહન શાહને ઈનોવા કાર નંબર એમ.એચ.૧૪, બી.આર. ૭૩૪૪માં શનિવારની રાત્રીના હિંમતનગર આવવા નીકળ્યા હતા અને રવિવારના રોજ બપોરે હિંમતનગર ટાઉન પોલીસમથકે આવી હિંમતનગર પોલીસની મદદ લઈને આરોપીએ સોનું જ્યાં વેચેલ તે બે સોનીની દુકાન બતાવતા પોલીસે જુના બઝારમાં કમલ જ્વેલર્સ નામની સોની દુકાન ધરાવતા નારમભાઈ ગેવરચંદ સોની અને બી.કે. જ્વેલર્સ દુકાનના ભરતભાઈ કાન્તિલાલ સોનીને પકડી હિંમતનગર પોલીસમથકે લાવ્યા હતા. અને તેમને પુના લઈ જવા અંગેની કાર્યવાહી કરી પોલીસમથકે કાગદળ સોંપી લઈ ગયા હતા. આ અંગે પીપરી પોલીસમથકના એપીઆઈ એમ.એસ. સાવને જણાવેલ કે પન્નાલાલ મોહન શાહે છ મહિના પહેલા ૨૦૦ ગ્રામ સોનું હિંમતનગરમાં કમલ જ્વેલર્સના નારણભાઈ ગેવરચંદ સોનીને દોઢ લાખમાં વેચેલ હતું અને ગત ૨૫ જૂનના રોજ બી.કે. જ્વેલર્સના ભરતભાઈ કાન્તિલાલ સોનીને ૪૦ ગ્રામ સોનું ૬૦ હજારમાં વેચેલ હોવાનું રિમાન્ડ દરમિયાન કબુલ્યું હતું.



(તસવીર : હેમુભા વાઘેલા)



ઉંબરી-કંબોઈની વચ્ચે બનાસ નદીના પૂલ ઉપર પડેલરા મોટા ગાબડા ક્યારે પૂરાશે ? નાના મોટા વાહનચાલકો હેરાન-પરેશાન થઈ રહ્યા છે છતાં તંત્ર દ્વારા કોઈપણ જાતની તપાસ કે રીપેરીંગ કરવામાં આવતું નથી. લોકોમાં ચર્ચાનો વિષય બન્યો. બનાસ નદીનો પૂલ રનીંગ કરતા સાધનો ખાડામાં પછડાતાં જ બંધ થઈ જાય છે અકસ્માતનો ભય રહે છે. જવાબદાર કોણ ?



બનાસકાંઠાના પાલનપુર ખાતે આજે બપોરના સમયે આરોપી સાથે આવી ચઢેલ સુરત કતાર ગામ પોલીસની ટીમે પાલનપુરના રેલવે સ્ટેશનના પાર્કીંગમાં ધંધાર્થે પડેલી ટવેરા ગાડી જે બનાવટી કાગળોથી વેચાણ કર્યું હતું તેને કબ્જે કરીને થરાદ-દિયોદર ખાતે અન્ય ત્રણ કારો કબજે કરવા સુરત પોલીસ રવાના થઈ હતી જે દૃશ્યમાન થાય છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# સાબરકાંઠા જિલ્લામાં ૩૯ કેન્દ્રો પર ૧૨ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ટેટની પરીક્ષા આપી

હિંમતનગર, તા.૮

રાજય સરકાર દ્વારા પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકો માટે રવિવારના રોજ ટેટની પરીક્ષા યોજાઈ હતી. જેમાં સાબરકાંઠા જિલ્લા ના મુખ્ય મથક હિંમતનગરના ૨૯ અને ઈડરના ૧૦ મળીને ૩૯ કન્દ્રો પર રવિવારના રોજ ૧૨ હજાર ૩૫૮ વિદ્યાર્થીઓએ ટેટની પરીક્ષા આપી હતી અને ૪૬૭ વિદ્યાર્થીઓ ગેર હાજર રહ્યા હતાં.

# હિંમતનગરમાં તસ્કરો ત્રાટક્યા ૩૦ હજારની મત્તાની ચોરી

હિંમતનગર, તા. ૮

હિંમતનગરથી બેરણા માર્ગ પર આવેલ વિરાટનગરના એક મકાનને ગત રાત્રીએ તસ્કરો પોતાનું નિશાન બનાવી તેમાંથી ૩૦ હજારની મત્તા ચોરી પલાયન થઈ ગયા હતા. આ મામલે મકાનમાલિકની ફરિયાદના આધારે હિંમતનગર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હિંમતનગરથી બેરણા માર્ગ પર વિરાટનગરના એ/૬૩ નંબરના મકાનમાં રહેતા હમીરસિંહ પવારના મકાનને તસ્કરોએ અંધારાનો લાભ લઈ નિશાન બનાવ્યું હતું. હમીરસિંહ પવાર તેમના પરિવાર સાથે પોતાના ઘર આગળ શનિવારની રાત્રીએ મીઠી નિદ્રામાં હતા ત્યારે રાત્રીના ૩ વાગ્યાના અરસામાં કેટલાક તસ્કરોએ ત્રાટકી ઘરનુ તાળુ તોડી અંદર પ્રવેશ્યા હતા અને તિજોરી તોડી ૧૮ હજાર રોકડા, બે સોનાની વીંટી અને એક જોડી છડા ૩૦૦ ગ્રામ મળી કિ.રૂ. ૩૦ હજારની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આંગણવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તરફ જવાનો રસ્તો બિસ્માર



કાંકરેજ તાલુકાના આંગણવાડા બસ સ્ટેન્ડથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તરફ જવાનો રસ્તો ખૂબ જ બિસ્માર હાલતમાં જોવા મળે છે તે રસ્તા પર ઠેર ઠેર ખાડા પડેલા દેખાય છે તેમજ એક સાઈડમાં ૪થી ૫ ફુટ બિલકુલ તૂટી ગયેલ હોવાથી દર્દીઓને અને રાહદારીઓને દવાખાને જતાં તકલીફ પડે છે તો તાલુકા વિકાસ અધિકારીશ્રી આ બાબતમાં રસ દાખવી લોકોને પડતી મુશ્કેલી દૂર કરે તો લોકોમાં આનંદની લાગણી છવાઈ જાય. ગામના નાગરિક તૂટેલા ફૂટેલા રસ્તા પર દૃશ્યમાન થાય છે તો શું આ પી.એચ.સી. આંગણવાડાના રસ્તાનું સમારકામ કરાશે કે નવીન બનાવાશે તેવું ગામ લોકોમાં ચર્ચાય છે.

# સમર્થ બી.એડ. કોલેજનું ગૌરવ

હિંમતનગર, તા. ૮

સમર્થ વિવિધલક્ષી સેવા ટ્રસ્ટ સંચાલિત સમર્થ કોલેજ ઓફ એજ્યુકેશન સમર્થ બી.એડ. કોલેજ હિંમતનગરના બી.એડ. સેમેસ્ટર-૨ની પરીક્ષામાં વિદ્યાર્થીઓએ ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યુ હતુ.

હિંમતનગરની સમર્થ બી.એડ. કોલેજમાં વર્ષ-૨૦૧૧-૧૨માં બી.એડ.ની સેમેસ્ટર-૨ની પરીક્ષામાં ૧૦૦ ટકા પરિણામ આવ્યુંછે. જેમાં અનુક્રમે આશાબેન પટેલે ૯૩.૨૦ ટકા, શૈલેષ પટેલે ૯૩.૨૦ ટકા અને આશાબેન ભીખાભાઈએ ૯૨ ટકા સાથે તથા તમામ બી.એડ.ના તાલીમાર્થીઓ ડિસ્ટ્રીક્શન અને ફર્સ્ટ કલાસ સાથે ઉત્તિર્ણ થતા કોલેજના ટ્રસ્ટી હેમાંગ પટેલ, વિપુલ પટેલ તથા પ્રિન્સિપાલ શ્રીમાળી, ડૉ. પારૂલબેન આઝાદ સહિત તમામ ટ્રસ્ટીગણે અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.

# પાલનપુરના જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે યુવા ઠાકોર કાર્યકરોની બેઠક યોજાઈ

પાલનપુર, તા.૮

બનાસકાંઠા જિલ્લાના કોંગ્રેસ કાર્યાલય ખાતે બ.કાં. યુથ કોંગ્રેસની મહામંત્રી અંકિતા ઠાકોર દ્વારા પાલનપુર શહેર તાલુકાના ઠાકોર યુવાનોની બેઠકનું આયોજન કરેલ હતું.

ભાજપાના ગઢમાં રાત્રી નાઈટ ટુર્નામેન્ટ એક યુવતી દ્વારા કરીને આજ સુધીની સૌથી સફળ ટુર્નામેન્ટ આશરે વીસ હજાર ઉપરાંત જન મેદની એકત્ર કરીને તેની શકિતનું પ્રદર્શન કરી યુવા ભાજપાના કાર્યકરોને મોઢામાં આંગળા નાંખતા કરી નાખનાર અંકિતા ઠાકોરે તેના જ સમાજના યુવાન કાર્યકરોને એકઠા કરીને યુવા સંગઠનને સમાજને સંગઠિત કરવાની કામગીરી શરુ કરી નાંખી છે. પ્રદેશના અગ્રાણીઓએ પણ તેની નોંધ લઈને તેની બિરદાવી તેનો હોંસલો બુલંદ કર્યો હતો. આજે સમાજના યુવાનોની જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે બેઠક યોજીને સંગઠીત થવા તેમજ કોંગ્રેસમાં જોડાવવા માટે પ્રેરીત કર્યા હતા. સમાજમાં શિક્ષણનું સ્તર ઉંચું લાવવા લાળ લગ્ન અટકાવવા, બદીઓથી દૂર રહેવા તથા સામાજિક કાર્યોમાં અગ્રેસર સમાજના યુવાનો રહે તે માટેની ચર્ચાઓ બેઠકમાં કરવામાં આવી હતી. યુવા અંકિતા સામાજીક કાર્યો સાથે પાર્ટીને વધુ ને વધુ મજબુત કરવાના પ્રયાસો કરી રહી છે.





પાંથાવાડા ખાતે જે. બી. ગ્રુપ દ્વારા જય ભવાની વેલ્ફેર ટ્રસ્ટ નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટ-૨૦૧૨ આયોજિત પાંથાવાડા પ્રિમિયર લીગ (પીપીએલ)નું આયોજન કરાયું હતું. જેની ફાઈલ મેચ પાંથાવાડા અને ધનિયાવાડા ટીમ વચ્ચે યોજાઈ હતી. જેમાં પાંથાવાડા જયવીર ટીમનો ભવ્ય વિજય થયો હતો. ઇનામ વિતરણ સમારોહમાં ડો. મોગરા-જિલ્લા પ્રમુખ, ભાજપ, ગોવિંદભાઈ પ્રજાપતિ-ધારાસભ્યશ્રી, પાલનપુર, પી. જે. ચૌધરી (ડી.વાય.એસ.પી.) તેમજ રાજુભાઈ ડાભી, જયેન્દ્રભાઈ જોષી, જિલ્લા મહામંત્રી ગણપતભાઈ જોષી, સુધીરસિંહ ગોહિલ, ડો. મોહિતરાય તેમજ આયોજક મહેન્દ્ર ત્રિવેદી ઉપસ્થિત રહી વિજેતા તેમજ હરીફ ટીમોને ઇનામ વિતરણ કર્યું હતું. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# વડગામ મુકામે રાજ્યકક્ષાનો તુરી બારોટ કલા મહોત્સવ યોજાયો

પાલનપુર, તા.૮

બનાસકાંઠા જિલ્લાના વડગામ મુકામે સામાજિક ન્યાય અને અધિકારીતા તથા રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી ફકીરભાઈ વાઘેલાના અધ્યક્ષ સ્થાને રાજ્યકક્ષાનો તુરી બારોટ કલા મહોત્સવ યોજાયો હતો. જેમાં સમગ્ર રાજ્યમાંથી ૩૦૦ જેટલા કલાકારોએ ભાગ લીધો હતો. ડાકલા, તબલાના તાલ અને વાજિંત્રોના શૂર... વચ્ચે મહાનુભાવો અને વડગામવાસીઓએ કાર્યક્રમને મનભરીને માણયો હતો. આ કાર્યક્રમમાં પાણી પુરવઠા અને આરોગ્ય રાજયમંત્રી પરબતભાઈ પટેલ, શ્રમ અને રોજગાર રાજયમંત્રી લીલાધરભાઈ વાઘેલા, યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના સચિવ ભાગ્યેશ જ્હા ઉપસ્થિત રહ્યા હતાં.

આ પ્રસંગે વિશાળ જનમેદનીને સંબોધતા મંત્રી ફકીરભાઈ વાઘેલાએ જણાવ્યું હતુ કે, દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં ભારતીય કલાને ઉજાગર કરવાનું શ્રેષ્ઠ કામ થયું છે. તેમણે કહ્યું કે ભારતીય સંસ્કૃતિ અને પરંપાર જળવાય તથા નવી પેઢી આ જૂની પુરાણી કલાને ઓળખે, જાણે અને માણે તે માટે રાજ્ય સરકાર આવા કાર્યક્રમો કરે છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ભારતીય સંસ્કૃતિની કલાને જાળવવામાં તુરી બારોટ કલાકારોનું આગવું પ્રદાન છે. તેમણે કહ્યું કે, તુરી-બારોટ સમાજ જન્મજાત કલાપ્રેમી રહ્યો છે. તેમના લોહીમાં કલા વહે છે. તેમનું ધાવણું બાળક પણ સૂરમાં રડતું હોય છે એ આ સમાજની વિશેષતા છે. તેમણે જણાવ્યું કે, કોઈપણ કલા કરવી હોય તો આ સમાજના કલાકારો સાહજીક રીતે કરી જાણે છે.

મંત્રીશ્રી વાઘેલાએ જણાવ્યું હતું કે, તુરી બારોટ કલાકારોની વાણીમાં સરસ્વતી વસેલી છે. તથા તુરી બારોટ કલાકારોની કલાને ઉજાગર કરવા ત્રણ વર્ષ માટે રૂા. ૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેનાથી સમાજની પ્રતિમાને વિકાસની તકો મળશે.

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવશ્રી ભાગ્યેશ જ્હાએ જણાવ્યું હતું કે, તુરી-બારોટ કલાકારોની કલાને વેગ આપવા રાજ્ય સરકારે ૪૫ લાખ ફાળવ્યા છે. તેમણે કહ્યું હતું કે, તુરી બારોટ કલાકારોમાં આંતરસુઝ અને ગજબની કલા પડેલી છે.

કલેકટરશ્રી જે.બી. વોરાએ સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, ભૂતકાળમાં અસરકારક મિડીયાની ભૂમિકા ભજવતા હતાં. તેમણે કહ્યું કે, આ કલાકારો શૃંગાર, સાહસ, શૌર્ય, વેદના અને પ્રેમની કથા લોકો સુધી પહોંચાડતા હતાં તે ભારતીની પરંપરા અને કલાને જાળવવા તુરી-બારોટ કલા મહોત્સ ખૂબ ઉપયોગી થશે.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી વસંતભાઈ ભટોળ, અગ્રણીઓ સર્વશ્રી ફલજીભાઈ પટેલ, શ્રી કેશરભાઈ ચૌધરી, શ્રી એન.ટી. રાઠોડ, શ્રી પ્રવિણસિંહ રાણા, શ્રી સોમાજી ઠાકોર, શ્રી દૂધાભાઈ પરમાર, શ્રી ચિમનભાઈ સોલંકી, શ્રી અશ્વિનભાઈ સકસેના, શ્રી રામજીભાઈ પટેલ, શ્રી કવિ પ્રશાંત જાદવ, કમિશનગરશ્રી કોટવાલા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.જે. ભટ્ટ, પોલીસ અધિક્ષકશ્રી અશોકકુમાર યાદવ, નિવાસી અધિક કલેકટરશ્રી સુધીર પટેલ, રમતગમત અધિકારીશ્રી વી.જે. પટેલ, અધિકારીશ્રીઓ, કલાકારો અને કલારસિકો ઉપસ્થિત રહ્યા હતાં.

## થરા પોસ્ટ ઓફિસના સોમાભાઈ ત્રિવેદીનો વિદાય સમારંભ યોજાયો

થરા, તા.૮

બનાસકાંઠા જિલ્લા ભારતીય જનતા પાર્ટીના મંત્રી ગોદાવરીબેન ત્રિવેદીના પતિ અને થરા પોસ્ટના કલાસ-૩ અધિકારી સોમાભાઈ ત્રિવેદી વય નિવૃત્ત થતા તેમનો વિદાય સમારંભ યોજાયો હતો. સોમાભાઈ ત્રિવેદી વય નિવૃત થતા રવિવારે થરા પોસ્ટ ઓફિસ પટાંગણમાં ૬૦ વર્ષે નિવૃત્ત થતા તેમનો વિદાય સમારંભ યોજાયો હતો. આ સમારંભમાં પોસ્ટ ઓફિસ સ્ટાફના માણસો અને ઉચ્ચ અધિકારીએ તેમની સેવાઓને બિરદાવી નિવૃત્ત કાળ સુખમય વિતે તેવી શુભેચ્છાઓ આપી હતી. આ પ્રસંગે પોસ્ટ માસ્ટર ગણપતભાઈ, મનુભાઈ પુરોહિત, એફ.એ. ભોરવાડીયા, પ્રભાત ભારથી, સી.એમ. વાઘેલા સહિત મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતાં.


ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES   APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૪૭૪૭૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD   Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex,
Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar
Mobile : 94265 13601